# હાદી

માસિક

બાળકો અને
નવયુવાનો માટે

ઝિલહજ, હીજરી સન ૧૪૩૪,
નવેમ્બર - ૨૦૧૩

અંક
૬૧








રૂ.
30/-

# અલ્લાહની માઅરેફત

## ખુદાનું અસ્તિત્વ



એક વ્યક્તિ ઈમામ સાદિક અ.સ. પાસે આવ્યો અને કહ્યું : "ખુદાના અસ્તિત્વની કોઈ દલીલ છે ?"

ઈમામ અ.સ.એ ફરમાવ્યું : "શું તે કદીયે વહાણમાં પ્રવાસ કર્યો છે ?"

તેણે કહ્યું "હા ! કેમ નહીં-કર્યો જ છે ને !" ઈમામ અ.સ.એ પુછયું "વહાણના પ્રવાસમાં કદી એવું બન્યું છે કે તોફાનને કારણે તારું વહાણ ડૂબવા લાગ્યું હોય ?" તેણે કહ્યું: "હા - એવો પ્રસંગ બન્યો છે."

ઈમામ અ.સ.એ પુછયુ : "શું એવી પરિસ્થિતીમાં તારા મનમાં કોઈના પ્રત્યે એવી આશા જન્મી હતી કે તે તમારો અને તમારા સાથીઓનો જીવ બચાવી શકે તેમ છે?"

તેણે કહ્યું : "હા ! મનમાં એવી આશા તો જન્મી જ હતી."

ઈમામ અ.સ.એ. ફરમાવ્યું : "તમે તમારા મનમાં જે હસ્તી માટે કે, તે જ બચાવી શકે તેમ છે તેવી જે અનુભૂતિ કરી હતી તે જ અલ્લાહ છે."

بسم الله الرحمن الرحيم

## ઝિલહજ, હીજરી સન ૧૪૩૪,
## નવેમ્બર - ૨૦૧૩


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !  અસ્સલામો અલયકુમ !

વીતી ગયેલ સમય પાછો હાથ આવતો નથી.

પાંચ વર્ષ એવી રીતે વીતી ગયા કે ખબર જ ન પડી, જોકે આ પાંચ વર્ષો આપણને ખૂબજ લાભદાયી રહ્યાં કેમકે આપણે આ પાંચ વર્ષોમાં ''હાદી માસિક'' જેવા સામયિકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે.

મારા વહાલા બાળકો ! આ ૫ વર્ષોથી સતત પ્રસિધ્ધ થનાર સામયિક આપ લોકોની સહાયતા વગર શક્ય નહોતું, એટલે જુઓ, યાદ રાખજો ! આ વર્ષે પણ સભ્યપદ રિન્યુ કરાવવાનું ભૂલતા નહીં અને તે રીતે આપની સહાયતાનું ઝરણું વહેતું રાખજો.

ઝિલહજનો મહીનો અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયતનો મહીનો છે. દીનની સંપૂર્ણતા અને અલ્લાહની નેઅમતોની પૂર્ણતાની ઘોષણાએ કુફ્રને સૃષ્ટિના અંત સુધીના સમય માટે નિરાશ કરી દીધો અને કુરઆને ખુશખબરી આપી કે આજે કુફ્ર નિરાશ થઈ ગયો.

કુફ્ર તો રસૂલ સ.અ.વ.ની આંખો બંધ થાય તેની જ પ્રતિક્ષા કરી રહ્યો હતો પરંતુ ગદીરે તેમની તમામ આશાઓ ઉપર પાણી ફેરવી દીધું.

પરંતુ કાશ ! મુસલમાનો પોતે કરેલાં વાયદા ઉપર કાયમ બાકી રહ્યા હોત ! અને બૈઅતથી તેમણે મોઢું ફેરવી લીધું ન હોત તો કદાચ ઈસ્લામના અનુયાયીઓમાં જે નબળાઈ દેખાય છે તે ન હોત અને સમગ્ર જગતમાં ફક્ત ઈસ્લામનો પરચમ લહેરાતો હોત.

હજી પણ સમય છે, નાની નાની વાતોના મતભેદો ભૂલી જઈને પાયાની બાબતો અંગે સહમતિ અને ભાઈચારો કેળવીએ અને તે રીતે શત્રુઓના પરાજયનું કારણ બનીએ.

વહાલા મિત્રો ! આ મહિનામાં આપણાં સગા-સંબધીઓ હજ્જે બયતુલ્લાહ ઈબાદત (હજ) માટે ગયા છે, તેમને ''હાદી'' પરિવાર તરફથી મુબારકબાદ પાઠવીએ છીએ અને સફરમાં તેમની સેહત-સલામતીની દુઆ કરીએ છીએ!!!

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org




# ગદીરનું સ્થાન

ગદીરનું નામ તો બધાંએ જ સાંભળેલું છે. આ પ્રદેશ મક્કા અને મદીના વચ્ચે મક્કા શહેરથી અંદાજે ૨૦૦ કી.મી.ના અંતરે જહફા પાસે આવેલો છે. આ એક એવી ચોકડી હતી કે જ્યાં પહોંચીને વિવિધ દેશોમાંથી આવેલા હાજીઓના માર્ગો એક બીજાથી જુદા થઈ જતાં હતાં. એટલે કે મક્કાથી હજ પછી પાછા ફરતી વખતે તમામ હાજીઓને આ સ્થળ સુધી આવવું જ પડતું હતું અને અહિંયાથી જુદા-જુદા પ્રદેશોમાં જવા માટેના માર્ગો જુદા પડતાં હતાં. અહિંયાથી



ઉત્તરે જતો માર્ગ મદીના તરફ - દક્ષિણે જતો માર્ગ યમનની દિશામાં - પૂર્વ દિશાનો માર્ગ ઈરાકનો માર્ગ અને પશ્ચિમ તરફનો માર્ગ ઈજિપ્ત તરફ જતો માર્ગ હતો. અર્વાચિન કાળમાં આ પ્રદેશમાંથી અવર જવર થતી નથી અને અત્યારે આ માર્ગો ત્યજી દેવામાં આવ્યા છે. (નવા માર્ગો અસ્તિત્વમાં આવ્યા છે.) પરંતુ એક દિવસ આ પ્રદેશ જ ઈસ્લામના ઈતિહાસની એક મહત્વની ઘટનાનો સાક્ષી બન્યો હતો. આ પ્રસંગ ૧૮ ઝિલહજ સને ૧૦ હિજરીએ બન્યો હતો કે જે દિવસે હઝરત અલી અ.સ.ને પોતાના ઉત્તરાધિકારી તરીકે ખુદ રસુલે ખુદા સ.અ.વ.એ અલ્લાહ તબારક-વ-તઆલાની આજ્ઞાથી ઘોષિત કર્યા હતાં. હદીસે ગદીર અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયત અને ખિલાફતની બાબતમાં એક સ્પષ્ટ પ્રમાણ છે અને સંશોધનકર્તાઓ આ હદીસને ખૂબજ વધારે મહત્વ આપે છે.



# મૌલાએ કાએનાત અ.સ.ની ચાલીસ (૪૦) શિખામણો




૧. કોઈપણ કામને ભરોસા અને નિશ્ચય (યકીન-શ્રધ્ધા) સાથે કરો.

૨. વાણી સત્યસભર રાખો. (હંમેશા સાચુ બોલો)

૩. લોકોની સેવા કરતા રહો.

૪. સદ્કાર્યો કરવામાં ઝડપ રાખો.
(સદ્કાર્ય કરવામાં આળસ-વિલંબ કરશો નહીં.)

૫. સલામ કરવામાં હંમેશા પ્રથમ રહો.
(એટલેકે સામાવાળા કરતા પોતે જ પહેલાં સલામ કરો.)

૬. વાતચીત કરતી વખતે માન-મર્યાદા જાળવો.

૭. કોઈનાથી બદલો લેવામાં જલ્દી કરશો નહીં.

૮. અનાથો પ્રત્યે દયા-કૃપા દાખવો.

૯. સત્તામાં હોવ ત્યારે (લોકોને) ભેટ-સોગાદ અને બખ્શીસ આપતા રહો.

૧૦. અત્યાચાર પિડીતોની સહાયતા કરતા રહો.

૧૧. આવેગ અને ઈચ્છાઓને કાબુમાં રાખો.

૧૨. દરીદ્રો પ્રત્યે ત્યાગ અને બલીદાન દાખવો.




૧૩. માતા-પિતાને (સંપુર્ણ) માન આપો.

૧૪. મુસીબતો આવે ત્યારે ધીરજ રાખો.

૧૫. દુર્ઘટનાઓના પ્રસંગે મનોબળ મજબુત રાખો.

૧૬. ચાડી-ચુગલીથી દૂર રહો.

૧૭. લોકો સાથે પ્રેમભાવ અને મહેરબાનીપુર્વક વર્તાવ કરો.

૧૮. પોતાના કુટુંબીજનો સાથે હસી-ખુશી સાથે વ્યવહાર કરો.

૧૯. જિહાદમાં સહાયતા કરો.

૨૦. વાયદો (હંમેશા) પુરો કરો (વાયદા પ્રમાણે વર્તો)

૨૧. અશિક્ષિત લોકો સાથે નરમાશથી વર્તાવ કરો.

૨૨. અલ્લાહની તાબેદારીમાં (આજ્ઞાપાલનમાં) સંનિષ્ઠ રહો.

૨૩. લોકોની (યોગ્ય) જરૂરીયાતોને (સહાય કરીને) પુર્ણ કરો.

૨૪. કોઈને પણ જવાબ આપતી વખતે (પુખ્ત વિચારણા માટે) યોગ્ય સમય લો.
(એટલે કે કોઈને પૂરતી વિચારણાં કરીને જવાબ આપો.)

૨૫. પોતાના મનમાં ઉદ્ભવતાં ખોટા કામોના વિચારોનો વિરોધ કરો.

૨૬. પોતાનો પહેરવેશ સ્વચ્છ રાખો.

૨૭. પરાજિત થયા પછી પણ જુસ્સો કાયમ રાખો.

૨૮. નિષ્કપટતા - નિઃસ્વાર્થતા અને નિર્મળ પ્રેમભાવના કેળવો.

૨૯. કંજુસાઈનો ત્યાગ કરો.

૩૦. મહેમાનોને આદર આપો.

૩૧. નેક (સદ્‌ચારિત્રવાળા) લોકોના સંપર્ક-સોબતમાં રહો.

૩૨. ખર્ચા કરવા મધ્યમવર્તી બનો.

૩૩. ગરીબ લોકોને સાંત્વન અને આશ્વાસન આપતા રહો.

૩૪. (ખુદાની) નેઅમત (દયા-કૃપા)નો શુક્ર કરતા રહો.

૩૫. દરેક કાર્ય કરતી વખતે પુખ્ત વિચારણા કરતાં રહો. (ઉતાવળે કોઈ કામ કરવું નહીં.)

૩૬. તમો જ્યારે શક્તિશાળી હોય ત્યારે ક્ષમા આપો.

૩૭. ક્રોધનો ત્યાગ કરો.

૩૮. ઘમંડ અને અભિમાનનો ત્યાગ કરો.

૩૯. પોતાના કાર્યોમાં દૃઢતા (દૃઢ મનોબળ) ધારણ કરો.

૪૦. પોતાના કાર્યોને હિસાબ-કિતાબ (પ્રોગ્રામ)થી પૂર્ણ કરો.







# ભોજનમાં બરકત

ઈમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે ‘‘પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.ના યુગમાં જે લોકો દરીદ્ર અને આશ્રિત હતાં અને જે બાપડાઓ પાસે રહેવાનું ઠેકાણું મકાન પણ નહોતું તે લોકો રાત્રી મસ્જિદમાં જ વિતાવતા હતાં. મિમ્બર પાસે પત્થરનું એક પાત્ર હતું કે જેમાં તે લોકો ભોજન કરતા હતાં. એક રાત્રે આપ સ.અ.વ.એ પણ તે લોકોની સાથે (તે પાત્રમાંથી) ભોજન કર્યું, તે લોકોની સાથે આપે ભોજન લીધું તેની બરકતથી ૩૦ વ્યક્તિઓએ તેમાંથી ભરપેટ ભોજન કર્યું તે પછી પણ તેમાં ભોજન વધ્યું અને તે પછી તે ભોજન તે લોકોની સ્ત્રીઓને મોકલી આપવામાં આવ્યું. (કરબુલ અસનાદ-૬૯)



# હઝરત અલી અ.સ. - રેહબરે ઈન્કિલાબ આકાએ ખામનાઈની દૃષ્ટીએ



મોઅમેનીન હઝરત અમીરૂલ અલી અ.સ.એવી અવિસ્મરણીય અદ્વિતીય વ્યક્તિઓ પૈકી છે કે જે ભૂતકાળ અને વર્તમાનકાળના ફક્ત શીઆઓ જ નહીં પરંતુ સમગ્ર મુસ્લિમ કોમ અને એટલું જ નહીં પરંતુ તમામ સ્વતંત્રતાના પુજારીઓમાં અત્યંત પ્રિય પાત્ર છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. ઈસ્લામની વિલાયતની સંપુર્ણ પ્રતિકૃતિ અને વલીયે ખુદા હતાં.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ. સંપુર્ણ પ્રભૂત્વ અને શક્તિશાળી હોવા છતાંયે સૌથી વધારે અત્યાચાર પિડિત હતાં.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. માનવતાના ઈતિહાસની સૌથી વધારે અત્યાચાર પિડીત (મઝલૂમ) વ્યક્તિ હતાં. આપના જીવનકાળમાં દરેક પગલે આપ અત્યાચાર પિડીત (મઝલૂમ) દેખાય છે અને આપની શહાદત પણ અત્યંત મઝલૂમ રીતે થઈ હતી.



હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. માનવતાના ઈતિહાસના સૌથી મનોરમ્ય વ્યક્તિ હતાં.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ.ની ડહાપણ અને બુધ્ધિમત્તાસભર વાણી વિદ્વાનો- બુધ્ધિશાળીઓ અને તત્વચિંતકો



E-mail : hadimasik@yahoo.com

માટે દિશાસૂચક દીવડો છે.

હઝરત અલી અ.સ.ને ઓળખી લેવું એ પુરતું નથી. પરંતુ આપનો પરિચય એ આપના સામિપ્યનું કારણ બને તે જરૂરી છે.

હઝરત અલી અ.સ. માનવજાતના ખરા અર્થમાં મહાન માર્ગદર્શક છે.

આપણે અમીરૂલ મોઅમેનિન અ.સ.ના શિક્ષણ અને આપના આદેશો ઉપર અમલ કરીને અને આપના બોધવચનોને અનુસરીને જ આપણા વતન અને કૌમની મહાન અભિલાષા એટલે કે સંપુર્ણ સામાજિક ન્યાયને પ્રાપ્ત કરી શકીએ છીએ.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ.નું શાસન - ન્યાયની યાને ન્યાયિક શાસનની સ્થાપના, અત્યાચાર પિડિતોની તરફદારી અને દરેક સંજોગોમાં અત્યાચારીના મુકાબલામાં અત્યાચાર પિડીતની સહાયતાની બાબતે એવું આદર્શ શાસન હતું કે જેનું આજે પણ અવશ્ય અનુસરણ થવું જોઈએ.



# આપણાં શીઆઓના અકીદાઓ

(દૃઢ ધાર્મિક માન્યતાઓ)

આપણાં શીઆઓનો અકીદો છે કે જ્યારે હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.નો અંતિમ સમય સમીપ આવ્યો ત્યારે આપે હઝરત અલી અ.સ.ને સઘળા મુસલમાનોની આગેવાની અને તેમના માર્ગદર્શન માટે પોતાના ઉત્તરાધિકારી (ખલીફા) બનાવ્યા અને અલી અ.સ.ને લોકોના ઈમામ (આગેવાન-લીડર-દોરવણી કરનાર) તરીકે નિયુક્ત કર્યા જેથી કરીને હઝરત અલી અ.સ. તેમની રાજનૈતિક આગેવાની કરે, તેમને વૈચારિક માર્ગદર્શન આપે અને તેમની સમસ્યાઓનું નિવારણ-નિરાકરણ કરે અને તેમના મન અને આત્માની શુધ્ધિ અને પ્રશિક્ષણ કરે અને હઝરત રસૂલે ખુદા સ.અ.વ.એ પોતાના જીવનની અંતિમ હજ પછી મુસલમાન હાજીઓના એક અત્યંત વિશાળ સમુહ સમક્ષ આ કાર્ય અંજામ દીધું હતું. (આ જાહેરાત કરી હતી. આ નિયુક્તી કરી હતી.) આ વિશાળ જનસમૂહની સંખ્યા કેટલાંક વિદ્વાનો અને ઈતિહાસકારોએ એક લાખની








E-mail : hadimasik@yahoo.com



દર્શાવી છે અને આ (નિયુક્તિ)ના સંદર્ભમાં ઘણી આયતો પણ નાઝિલ થયેલી છે.

અને તે પછી જ આપ સ.અ.વ.એ હઝરત અલી અ.સ.ના હાથ ઉપર લોકોની બયઅત માંગી અને હાજર રહેલાં તમામ લોકોએ અલી અ.સ.ની બયઅત કરી અને આ બયઅત કરવાવાળાઓમાં મુહાજિરો અને અન્સાર પૈકીના મહાન સહાબીઓ સૌથી આગળ હતાં.

વધુ માહિતી માટે અલગદીર નામનું પુસ્તક વાંચવા વિનંતી છે, કે જેમાં અલ્લામાં અમીનીએ મુસલમાનોના ઐતિહાસિક પુસ્તક અને તફસીરના પુસ્તકોના સંદર્ભો ટાંકીને આ પ્રસંગનું વર્ણન કર્યું છે.



# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન : ખુદાવન્દે આલમ આડંબર અને લેશમાત્ર પણ "શિર્ક" (ખુદાની સાથે બીજાને પણ શામેલ કરવું તે) વાળા અમલ ઈબાદતને કેમ કબુલ નથી કરતો ?**

જવાબ : ખુદાવન્દે આલમ ફરમાવે છે કે "જો કોઈ વ્યક્તિ જો કોઈ ઈબાદત કરે કે જેમાં મને પણ પોતાનો લક્ષ્ય બનાવે અને મારા સિવાય બીજા કોઈને પણ - તો હું (તે ઈબાદતમાંનો) મારો ભાગ તે અન્યને જ સોંપી દઉ છું કે જેથી બન્દો તે (અન્ય)ની પાસેથી જ તેના બદલાની યાચના કરે કે જેને તેણે તે અમલ (ઈબાદત)માં મારી સાથે સામેલ કર્યો હતો" (વસાએ-લુશ્શીઆ-ભાગ-૧-૫૦૭૨)

નિશંકપણે એ હકીકત છે કે કોઈને પણ ખુદાની સાથે શરીક કરવો (સામેલ કરવો સમાનતાનો દરજ્જો આપવો) તે અલ્લાહની મહાનતાનું અપમાન જ છે. જો કોઈ કહે કે "હું તમને અને આ ગધેડા બંનેને મારા મિત્રો ગણું છું" તો શું આપ એ સાંભળીને રાજી થશો અને ખુશીથી ફુલાઈ જશો કે પોતાને અપમાનિત થયેલો ગણશો.

તેવી જ રીતે કોઈ આપને એમ કહે કે "મે આ ભોજન તૈયાર કર્યું છે તેમાંથી તમે પણ ખાઈ લો અને આ મારી બીલાડી કે કુતરો પણ ખાઈ લેશે." ત્યારે પણ તમે અપમાનની લાગણી જ અનુભવશો અને તે ખાવાનું પણ પસંદ નહીં કરો.




E-mail : hadimasik@yahoo.com

તદ્ ઉપરાંત અહકામ (અલ્લાહની આજ્ઞાઓ) અને (તેણેં પ્રસ્થાપિત કરેલી) પ્રણાલીઓના અનુસરણનું લક્ષ્ય મનુષ્યના કમાલ (ઉચ્ચતા)ને વધારવાનું છે અને તેમાં શિર્ક અને આડંબર તેના નાશનું કારણ બને છે. દા.ત. જો એક ઉંદર ભોજનના એક મોટા તપેલા (દેગ)માં પડી જાય તો તે તમામ ભોજન ખાવાલાયક રહેતું નથી.

એક દિવસ એક વિમાન ઉડાણ ભરે તે પહેલાં તમામ પ્રવાસીઓને તેમાંથી ઉતારી લેવામાં આવ્યા અને તેમાં ભરેલા માલ સામાનને પણ ઉતારી લેવામાં આવ્યો. કારણ એ દર્શાવવામાં આવ્યું કે વિમાનમાં એક ઉંદર દેખાયો હતો. કોઈએ પુછ્યું "શું આ બધા પ્રવાસીઓ અને માલસામાન ફક્ત એક ઉંદરને કારણે ઉતારી દેવામાં આવ્યાં ?" ત્યારે જવાબ મળ્યો કે "હા - શક્ય છે કે તે ઉંદર એવા કોઈ વાયરને કાપી નાંખે જેથી કરીને હવામાં ઉડતા વિમાન અને એરપોર્ટનો સંપર્ક કપાઈ જાય અને તેને કારણે વિમાન પૃથ્વી ઉપર પટકાઈ પણ શકે છે."

આવી રીતે જ શિર્ક અને આડંબરનું ઉંદર પણ નિઃસ્વાર્થતાના વાયરને કાપી નાંખે છે જેથી કરીને ખુદા અને બન્દા વચ્ચેનો સંપર્ક કપાઈ જાય છે. તેથી ઈબાદતો - આમાલ અને અકીદાઓમાંથી શિર્ક અને આડંબરના ઉંદરોનો સફાયો કરી દેવો જોઈએ નહીં તો કાંઈ પણ કબુલ નહીં થાય.








# ઈસ્લામી ચિકિત્સાશાસ્ત્ર



# પનીર

આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે “ પનીર ખાઓ, એનાથી ઉંઘ આવે છે અને આ ભોજનને પચાવે છે.”

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે “પનીર એક એવો ખાદ્ય પદાર્થ છે જે મોઢાને સ્વચ્છ અને સુગંધિત બનાવે છે અને ભોજન પચાવે છે.”

આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે “કાકડીને મીંઠુ લગાડીને અને પનીરને સક્કર ટેટી સાથે ખાઓ.”

મુહમ્મદ-બીન-ફઝલ નીશાપુરી જણાવે છે કે એક વ્યક્તિએ ઈમામ સાદીક અ.સ.ને પનીર વિષે પુછયું ત્યારે આપે ફરમાવ્યું "પનીર ખાવું દર્દને નોતરવા જેવું છે અને તેનો ઈલાજ પણ તેમાં નથી." તેજ વ્યક્તિ સાંજે ફરી ઈમામ અ.સ.ની સેવામાં હાજર થયો તો તેણે જોયું કે આપ અ.સ.ના દસ્તરખાન (ભાણા) માં પનીર પણ રાખેલું છે. તેણે પુછયું "હું આપ અ.સ.ના ઉપર ન્યોછાવર થાઉં ! આપ અ.સ.એ તો સવારે ફરમાવ્યું હતું કે પનીર પીડાદાયક છે અને તેનો ઈલાજ પણ તેમાં નથી." આપ અ.સ.એ. ફરમાવ્યું "પનીર સવારે ખાવું નુકશાનકારક હોય છે. પરંતુ (સાંજે રાત્રે) ખાવું ફાયદાકારક છે." (ઉસૂલે કાફી)



# અમીરૂલ મોઅમેનીન અ.સ.ના માન સન્માન

ઈસ્લામના ઈતિહાસમાં આલેખાએલું છે કે, હઝરત અલી અ.સ.ના વિશિષ્ટ ગુણો-આપની નિપુણતાઓ (કમાલાત) અને આપના સેવાકાર્યોને કારણે રસૂલે અકરમ સ.અ.વ. આપને ઘણું માન સન્માન આપતા હતાં.

**મૌખિક રીતે આપેલ માન-મરતબો :-**

પયગમ્બરે અકરમ સ.અ.વ. સતત પોતાની વાણી અને વર્તનથી ઈમામ અલી અ.સ.ની ખુબીઓને બયાન કરતા રહેતા હતાં.

ક્યારેક એમ કહેતાં હતાં કે અલી અ.સ. મારા થકી છે અને હું અલી અ.સ. થકી છું.

ક્યારેક એવું ઈર્શાદ ફરમાવ્યું કે "હું જ્ઞાનનું શહેર છું અને અલી અ.સ. તેના દરવાજા છે.




E-mail : hadimasik@yahoo.com





ક્યારેક એવું કહ્યું કે તમો લોકો પૈકી સૌથી શ્રેષ્ઠ ન્યાય તોળનાર અને ફેસલો કરનાર અલી અ.સ. છે.

ક્યારેક એવું વચન ઉચ્ચાર્યું કે અલી અ.સ.ને મારી સાથે એ જ સંબંધ છે કે જે હારૂન ને મૂસા સ.અ. સાથે હતો."

આપ સ.અ.વ.એ એવું પણ ફરમાવ્યું છે કે "અલી અ.સ.ને મારી સાથે એવો જ સંબંધ છે જે આત્માને ધડ સાથે અને માથાને શરીર સાથે હોય છે!"

ક્યારેક એવી વાણી ઉચ્ચારી કે : "તેઓ (હઝરત અલી અ.સ.) ખુદા અને રસુલ સ.અ.વ. (બંનેને) પ્રિયતમ(સૌથી વધારે પ્રિય) છે."

એટલે સુધી કે મુબાહિલાના પ્રસંગે અલી અ.સ.ને નફસે રસુલનો ખિતાબ મળ્યો.

## વર્તનથી અલી અ.સ.ને આપેલું માન સન્માન :-

જ્યારે મસ્જિદે નબવીમાં ઉઘડતા બધાં લોકોના દરવાજા બંધ કરાવી દેવામાં આવ્યા ત્યારે અલી અ.સ.નો ઘરનો મસ્જિદમાં ઉઘડતો દરવાજો ખુલ્લો જ રાખવામાં આવ્યો હતો. (તે દરવાજો બંધ કરાવવામાં આવ્યો નહોતો)

જ્યારે મુહાજિરો અને અન્સારોમાં બંધુત્વનો સંબંધ સ્થાપવામાં આવ્યો ત્યારે પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.એ દુન્યા અને આખેરતમાં અલી અ.સ.ને પોતાના ભાઈ તરીકે સ્થાપ્યા (જાહેર કર્યા)

અને સૌથી અગત્યનું એ-કે ગદીરે ખુમના મેદાનમાં હજારો મુસલમાનોની વચ્ચે અલી અ.સ.ને પોતાના હાથોમાં ઉપાડીને (ઉંચા કરીને) એવી ઘોષણા કરી કે "જે વ્યક્તિનો હું વાલી અને હાકેમ છું તેના આ અલી અ.સ. પણ વાલી અને હાકેમ છે."

આ એટલું મહાન સન્માન હતું કે તમામ મુસલમાનોએ અલી અ.સ.ને (આ માટે) મુબારકબાદ આપી અને બધાં એ હકીકત સ્પષ્ટ રીતે સમજી ગયા કે આ તો પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.એ અલી અ.સ.ને તેમના ઉત્તરાધિકારી તરીકે ઘોષિત કર્યા છે. (તેથી જ તેમણે બધાએ અલી અ.સ.ને તેની મુબારકબાદ આપી હતી.)





E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**રવજાણી ફઝલ અબ્બાસ મુનીર અબ્બાસ**
સાહિબુઝ્ઝમાન, રાજુલા સીટી.



**હિરાણી મહંમદ તકી આર.**
જીવાબાવાનો ચોક, ભાવનગર.



**જમાણી સાદિક હુસૈનઅલી**
હાજી-નાજી બોર્ડિંગ, ભાવનગર.






# ખોટી દાનતના પરિણામો

(૧) દુઆનું કબુલ ન થવું : ઈમામ સજ્જાદ અ.સ.એ ફરમાવ્યું છે કે "ખોટી દાનત દુઆ કબુલ ન થવાનું કારણ હોય છે." (બિહારૂલ અનવાર-ભા.૭૦-પા.૩૭૫)

જો કોઈ કામ કરતી વખતે સંકલ્પ અને ઉદ્દેશ અલ્લાહ માટે ન હોય તો એટલું જ નહીં કે તે કામ ઈબાદતમાં ગણાતું નથી પરંતુ ઉદ્દેશ અને દાનત દુષ્ટ હોય તો તે મનુષ્યને મુશ્કેલીમાં પણ મૂકી દે છે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે જો કોઈ વ્યક્તિ ઉધાર લે અને તેનો ઉદ્દેશ જ એવો હોય કે કદી તે ઉધાર ચુકવશે નહીં તો તે ચોર જેવો છે. (વસાઈલ - ભા.૧૨-પા. ૮૬)

(૨) આજીવિકાથી વંચિત થઈ જવું :- ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે જો કોઈ મનુષ્ય પાપ (કરવા)નો નિશ્ચય કરે ત્યારે પરવરદિગાર તેને આજીવિકાથી વંચિત કરી દે છે.

આ હદીસનું જવલંત ઉદાહરણ કુરઆને શરીફમાં વર્ણવવામાં આવેલ એક બગીચાનો કિસ્સો છે. કુરઆનમાં સુરએ કલમમાં આયત-૧૬ થી ૩૦ સુધી કેટલાંક લોકોનો એક કિસ્સો છે કે તે લોકોની


E-mail : hadimasik@yahoo.com

માલીકીનો એક બગીચો હતો. તે લોકોએ એવો નિશ્ચય કર્યો કે આ બગીચામાંથી ફળ તોડવા રાત્રે જઈશું જેથી કરીને ફકીરો - દરિદ્રોને તેની જાણ ન થાય અને તેમને કાંઈ આપવું ન પડે. પરોઢીયું થતાં તેઓ તે બગીચા પાસે પહોંચ્યા તો જોયું કે આખો બગીચો બળીને રાખ થઈ ગયો છે. પહેલાં તો તે લોકો એવું વિચારતા થઈ ગયા કે તેઓ કદાચ માર્ગ ભુલી ગયા હશે પરંતુ તે લોકો પૈકી એક વ્યક્તિ કે જે બીજાઓથી વધારે બુધ્ધીશાળી હતો તે વાત સમજી ગયો અને તેણે કહ્યું "શું મેં તમને ચેતવ્યા નહોતા કે આવી દાનત ન રાખો. તમોએ ફકીરો-દરીદ્રોને આ બગીચાના ફળોથી વંચિત રાખવાની દાનત રાખી તો ખુદાએ તમને જ તેના ફળોથી વંચિત કરી દીધા." કુરઆને કરીમમાં દર્શાવેલ આ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કયારેક ખુદા દાનતને કારણે પણ શિક્ષા કરે છે.

(૩) બૂરી દાનત નિષ્ઠુરતા અને નિર્દયતાનું કારણ બને છે.

હઝરત અલી અ.સ. ફરમાવે છે બુરી દાનત - નિષ્ઠુરતા અને નિર્દયતાની નિશાની છે. (ગરરૂલ હકમ-હદીસ નં.૧૬૧૦)

(૪) જીવનમાંથી વિપુલતા (બરકત) સમાપ્ત થઈ જાય છે. એક સ્થાન ઉપર અલી અ.સ.એ ઈર્શાદ ફરમાવ્યું છે કે :- જેની દાનત સારી નથી હોતી, ખુદા તેની પાસેથી વિપુલતા (બરકત) ઝુટવી લે છે અને તે ખુદાની નેઅમતોથી પુરેપુરો લાભાન્વિત થઈ શકતો નથી. (ગરરૂલ હકમ-હદીસ નં. ૧૬૧૫)



# વસીલો અને તૌબા

## અહલેબૈત અ.સ.ના વાસ્તાથી ગૂનાહોની બખ્શીશ (માફી)

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "હું મસ્જિદે હરામ (કાઅબાશરીફનું હરમ)માં મકામે ઈબ્રાહીમ" (કાઅબા શરીફની પાસે આવેલ એક જગ્યા) ની પાસે બેઠેલો હતો કે ત્યાં એક એવો વૃધ્ધ વ્યક્તિ આવ્યો કે જેણે પોતાની આખી જિંદગી ગુનાહોમાં લિપ્ત રહીને વિતાવી હતી. મને જોઈને કહેવા લાગ્યો **"નેઅમશ્શફીઓ-ઈલલ્લાહે-લિલ-મુઝનેબીન"**

અર્થાત : "આપ ખુદાએ તબારક-વ-તઆલાની દૃષ્ટીએ (સમક્ષ) ગુનાહગારો માટે સર્વશ્રેષ્ઠ શફીઅ (ગુનાહોને ખુદાની બારગાહ બખ્શાવી દેનાર) છો."




E-mail : hadimasik@yahoo.com



તે પછી તેણે ખાનાએ કાઅબાનો પડદો (ગિલાફ) પકડીને નીચે મુજબની પંક્તિઓ કહી.

"હે દયાળુ ખુદા ! છઠ્ઠા ઈમામના અત્યંત આદરણીય પિતામહનો વાસ્તો ! કુરઆનનો વાસ્તો ! અલી અ.સ.નો વાસ્તો ! હસન અ.સ. અને હુસૈન અ.સ.નો વાસ્તો ! ફાતેમા ઝહરા સલા.નો વાસ્તો ! અઈમ્મએ માઅસુમીન અ.સ.નો વાસ્તો ! ઈમામ મહદી અજ.નો વાસ્તો! પોતાના આ ગુનાહગાર સેવક (બંદા)ના ગુનાહોને માફ ફરમાવી દે !!!"

તે વખતે જ હાતિફે ગૈબીની વાણી (આકાશવાણી) થઈ !

હે વૃધ્ધ વ્યક્તિ !

જોકે તારા ગુનાહો અત્યંત વધારે અને ભારે મોટા છે. પરંતુ એ પવિત્રતમ હસ્તિઓની મહાનતાના સદકામાં - કે જેમનાં તેં સોગંદ (સમ) આપ્યા છે - જેમના વાસ્તાની તેં યાચના કરી છે. મેં તને (સંપુર્ણ) ક્ષમા બખ્શી દીધી. જો તેં તમામ પૃથ્વી વાસીઓના ગુનાહોની બખ્શીશની યાચના કરી હોત તો હું તેમને પણ ક્ષમા આપી દેત !!! એ લોકો સિવાય (તમામ, કે જેઓએ સાલેહની ઉંટણી અને અંબિયા અને અઈમ્માનો વધ કર્યો હોય. (બિહારૂલ અનવાર-૯૧, પ્રકરણ-૨૮, હદીસ-૧૪)

# અલી અ.સ.ના શીઆ

(હપ્તો-૧૦મો)

## અપ્રસિધ્ધ અને અજાણ્યા લોકો

હઝરત અલી અ.સ.એ ફરમાવ્યું છે કે :

ખુદાના સમ! મારા શીઆઓ અલ્લાહ અને તેના દીનના જાણકાર અને વિદ્વાનો હોય છે.

તેઓ ખુદાની આજ્ઞાઓનું પાલન કરે છે અને તેની આજ્ઞાઓ પ્રમાણે જ વર્તે છે. અને અલ્લાહ પ્રત્યેના તેમના પ્રેમને કારણે માર્ગપ્રશસ્ત (સદમાર્ગ પામેલા) હોય છે.

તેઓ અલ્લાહની બંદગી અને પરહેઝગારીમાં ગળાડૂબ રહે છે.

અર્ધ રાત્રી પછીની નમાઝ (તહજ્જુદ) પઢવાને કારણે તેમનું વર્ણ પીળું પડી ગયેલું હોય છે.

મોટા પ્રમાણમાં રૂદન કરતા રહેવાને કારણે તેમની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી હોય છે. અને તેને કારણે તેમની દ્દષ્ટી નબળી પડી ગયેલી હોય છે.

મોટા પ્રમાણમાં ખુદાના નામનું સ્મરણ (ઝિક્ર) કરતાં રહેવાથી તેમના હોંઠ સુકાએલા અને ભુખ્યા રહેવાને કારણે (સતત રોજા રાખવાને કારણે) તેમના પેટ બેસી ગયેલા હોય છે.




ઈશ્વર પરાયણતા (રબ્બાનિયત) તેમના ચહેરા પરથી અને પરહેઝગારી તેમના મુખારવિંદ પર સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

તેઓ (અજ્ઞાનતાના) અંધકારમાં પથદર્શક દીવડાઓ હોય છે.

જો કોઈ મેળાવડામાં ઉપસ્થિત હોય તો કોઈ તેમને ઓળખતું નથી અને ગેરહાજર હોય તો તેમની અનુસ્થિતિની કોઈ નોંધ લેવામાં આવતી નથી. (એટલે કે ન ગણ્ય હોય છે.)

તેઓ જ મારા પવિત્ર શીઆઓ (મિત્રો-ચાહવાવાળાઓ) અને મારા પ્રિય બંધુઓ છે.

ઓહ ! હું તેમને ભેટવા માટે કેટલો આતુર-આકુળ-વ્યાકુળ રહુ છું. (અમાલીયે-તૂસી) હદીસ.૧૧૮૯)





# દુઆ કબુલ થવાની શરતો

## ૮. બંને હાથ અધ્ધર કરીને દુઆ કરવી :-

દુઆની આ સ્થિતિ અંતરથી હૃદયપુર્વક દુઆ-પ્રાર્થના કરવાને કારણે સ્વયં રીતે આવી જાય છે. આ પરિસ્થિતીમાં મનુષ્યને પોતાનું અસ્તિત્વ અલ્લાહની બારગાહમાં હાજર થયેલું હોય તેવી સ્વયંભૂ-અંતર પૂર્વકની લાગણી થાય છે. તેથી જ કુરઆને મજીદમાં ખુદાવન્દે આલમે અકડાઈ દેખાડનાર અને શરણાગતી નહીં સ્વીકારનારા લોકોની નિંદા કરી છે કે ફ-મસ્તકાનૂ-લે-રબ્બે-હિમ-વમા-યનઝરઊન (સૂરએ-મોઅમેનૂન-આયત-૭૬) અર્થાતઃ "અને તેઓ પોતાની ઉંદડતામાં અણનમ રહેશે અને પથભ્રષ્ટ જ થતાં જશે."



આ આયત વિષે મુહંમદ બિન મુસ્લીમથી રિવાયત છે કે જ્યારે ઈમામ મુહમ્મદ



E-mail : hadimasik@yahoo.com



બાકીર અ.સ.થી આ આયતના અર્થઘટન વિષે પુછવામાં આવ્યું તો આપ અ.સ.એ. ફરમાવ્યું, "ઈસ્તકાનત" નો અર્થ "અલ્લાહની બારગાહમાં અંતરના ઉંડાણથી વિનમ્રતા સાથે પ્રાર્થના કરવી તે" અને "તઝર્રોઅ"નો અર્થ બંને હાથો આકાશની દિશામાં ઉંચા કરી અલ્લાહની બારગાહમાં કરગરવું અને કાકલૂદી કરવી તે છે." (ઉસૂલે કાફી ભ.ર.પા.૩૪૮)

દુઆમાં આ પધ્ધતિનો ઉદ્દેશ શું છે તે ઘણા લોકો સમજી શકતા નથી. તેથી શંકા-કુશંકાની ટેવો ધરાવતા લોકો અન્યોને પણ દુઆ કરવાની પધ્ધતિઓ અંગે શંકામાં નાંખી દે છે.

"આપણે આકાશ તરફ હાથ ઉંચા કરીને જ શા માટે દુઆ કરીએ. શું અલ્લાહ આકાશમાં જ છે કે આપણે આકાશ તરફ હાથ ઉંચા કરીને દુઆ કરીએ."

તેથી જ અઈમ્મએ અહલેબૈત અ.સ.એ આવા લોકો માટે જ ફરમાવ્યું છે કે "અલ્લાહ તો દરેક સ્થળે છે. પરંતુ દુઆની આ પધ્ધતિ આપણી અલ્લાહની બારગાહમાં વિનમ્રતા દર્શાવવા માટે જ



છે. અને આ પધ્ધતિ યાચના માટે અંતરનાં ઉંડાણથી કરગરવા-કાકલૂદીઓ કરવા. મનની સપ્લાઈને દુર કરવા અને અલ્લાહની બારગાહમાં પોતાની જાતને અંતરના ઉંડાણપુર્વક વિનમ્રતાથી રજુ કરવા માટે ખૂબ જ અસરકારક રહે છે."

"તિબરસી"એ પોતાના પુસ્તક "એહતેજાજ"માં "અબા કરહ"થી રિવાયત કરી છે કે "મેં ઈમામ રિઝા અ.સ.ની. સેવામાં હાજર થઈ અરજ ગુજારી કે આપ દુઆ કરતી વખતે આકાશની દિશામાં હાથ ઉંચા કરો છો તેનું કારણ શું છે ? ત્યારે અબુલહસન અ.સ.એ ફરમાવ્યું" ખુદાવન્દે આલમે પોતાના બંદાઓને ઈબાદતની પધ્ધતિઓ શીખવી છે અને તેમાં દુઆ અને યાચના કરતી વખતે બંને હાથોને આકાશ તરફ ઉંચા કરીને કરગરવાની શીખ આપી છે અને આ (બંદાની) ખુદા પ્રત્યેની "ઉબૂદીયત" (પોતે તેનો દાસ છે તે દર્શાવવું) અને વિનમ્રતા અને કાકલુદીઓની નિશાની છે. (ઉસૂલે કાફી - પા.પરર-વસાએલુશ્શીઆ- ભાગ-૪-પા.૧૧૦૧-હદીસ-૮૬૮)







E-mail : hadimasik@yahoo.com

# કાણોદર ખાતે અઝાદારીનો ભવ્ય પ્રોગ્રામ

**સલામુન અલયકુમ,**

**સલામ બાદ જણાવવાનું કે શીયા ઈસ્નાઅશરી મોમીન જમાત, કાણોદરની કાર્યવાહક સમિતિએ આગામી ૫૦ મો અઝાદારીનો કાર્યક્રમ તારીખ ૨૬ ડીસેમ્બર ૨૦૧૩ ગુરુવારથી ૨૯ ડીસેમ્બર ૨૦૧૩ રવિવાર દરમિયાન હુસૈનટેકરી કાણોદર ખાતે રાખવાનું નક્કી કરેલ છે.**

**તમામ અઝાદાર ભાઈ-બહેનોને પ્રોગ્રામમાં શિરકતની ગુઝારીશ કરીએ છીએ.**

**શીયા ઈસ્નાઅશરી મોમીન જમાત, કાણોદર.**


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**




**HADI MASIK**

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

